| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૪ | ૦૨ | ૨૦૨૬ |
| રજી. તારીખ : | ૨૪ | ૦૨ | ૨૦૨૬ |
| ફેસંલ તારીખ : | ૦૭ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**સુરેન્દ્રનગરના મહે.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં. મુ.સુરેન્દ્રનગર.**

**ફોજ.પરચુ.અરજી નં. ૨૧૩/૨૦૨૬**
**આંક:-૦૭**

નટવરસિંહ ઉર્ફે નટુભા વજુભા ગોહિલ
ઉ.વ.આ.૭૨, ધર્મે-હિન્દુ
રહે.વસ્તડી
જિ.સુરેન્દ્રનગર .............અરજદાર

**વિરુધ્ધ**

શ્રી સરકાર .............સામાવાળા

---

વિ.વકિલશ્રી એમ.આર.ગઢવી.........................અરજદાર તરફે
વિ.પી.પી.શ્રી એમ.પી.સભાણી...............સામાવાળા શ્રી સરકાર તરફે

---

**બાબત:-**બી.એન.એસ.એસ.કલમ ૪૮૩ મુજબ વચગાળાની જામીન અરજી.

**:::::: ચુ કા દો ::::::**

(૧) આ કામના અરજદાર/આરોપી ચોટીલા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૧૦૦૯૨૫૦૬૪૨/૨૦૨૫, ભારતીય ન્યાય સહિંતાની કલમ ૧૦૯(૧),૧૨૧(૧),૧૩૨,૨૨૧,૫૪ મુજબના ગુના સબબ જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ અને અરજદારને તેઓની પુત્રી સાધનાબાને પેટમા આંતરડા ઢીલા પડી ગયેલ હોય અને સ્નાયુ ઢીલા પડી ગયેલ હોય અને તે અંગે ઓપરેશન કરાવવાનુ હોય તેથી તે માટે જરુરી નાણાકીય વ્યવસ્થા કરવાની હોય તેમજ અન્ય સંતાનોના અભ્યાસ માટે પણ આર્થિક સગવડ કરવાની હોય માટે દિન-૧૫ ના વચગાળાના જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.કલમ ૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એમ.પી.સભાણી હાજર થયેલ છે અને તેઓએ તપાસ કરનાર અમલદારનો રિપોર્ટ રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી હાલના ગુનાના કામે તા. ૭-૧૧-૨૫ થી જયુ.કસ્ટડીમા છે.વધુમાં અરજદારે અગાઉ સેશન્સ કોર્ટમા આગોતરા જામીન ઉપર મુકત થવા માટે તેમજ ત્યારબાદ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે જામીન અરજીઓ કરેલ હતી, પરંતુ તે બન્ને અરજીઓ નામંજુર કરવામા આવેલ છે. વધુમાં અરજદારે નામ.હાઇકોર્ટમા જામીન મેળવવા માટે અરજી કરેલ હતી જે વિથડ્રો કરેલ છે.

વધુમાં દલીલમાં જણાવેલ છે કે, અરજદારને સંતાનમા બે પુત્રીઓ અને એક પુત્ર છે. જેમા મોટી દીકરી સાધનાબાને પેટના આંતરડા ઢીલા પડી ગયેલ છે અને સ્નાયુ ઢીલા પડી ગયેલ છે અને તેના લીધે સારણગાંઠ થયેલ

હોય ઓપરેશન કરવુ પડે તેમ છે. જેથી તે માટે જરુરી આર્થિક વ્યવસ્થા કરવા માટે તેમજ દવાખાનામા હાજરી આપવી પણ ખુબ જ જરુરી છે. વધુમાં અરજદાર હાલ જેલમા હોય અન્ય સંતાનના અભ્યાસ માટે પણ આર્થિક વ્યવસ્થા કરવાની જરુર હોય, જેથી વચગાળાના જામીન મુકત કરવા જણાવેલ છે.વધુમાં જણાવેલ છે કે અરજદારને વચગાળાના જામીન મુકત કરવામા આવશે તો જામીન મુકિતનો દુરઉપયોગ કરશે નહી અને મળેલ સ્વતંત્રતાનો દુરઉપયોગ કરશે નહી.અરજદાર અરજીમા જણાવેલ સરનામે રહે છે. કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે.જેથી અરજદાર/ આરોપીને અરજીમા જણાવેલ સમયગાળા માટે વચગાળાના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજદારની અરજી સબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા વિ.પીપીશ્રી એમ.પી.સભાણીનાઓએ તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક–૫ નો અહેવાલ વંચાણે લઈ રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપીના મોટાભાઈના દીકરા અનિરુધ્ધસિંહ ગોહીલ સાધના બેનની સારવારમા તેમની સાથે હોસ્પિટલમા જાય છે. વધુમાં અરજદારના બે સાળાઓ છે અને તેઓ પણ ઓપરેશન સમયે હાજર રહી શકે તેમ છે અને જરુરી આર્થિક સગવડ પણ કરી શકે તેમ છે. વધુમાં અરજદારની વસ્તડી ગામે ૩૦ વીઘા જેટલી જમીન આવેલ છે અને ડમ્પર ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે તેથી અરજદારના ઘરમા આર્થીક તંગી હોય તેવુ જણાતુ નથી.વધુમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓમા પણ સાધનાબેનનુ ઓપરેશન થઈ શકે તેમ છે. જેથી અરજદારે અરજીમા જે કારણ જણાવેલ છે તેમા

અરજદારની હાજરીની કોઇ આવશ્યકતા જણાતી ન હોય જેથી અરજદાર/ આરોપીની હાલની આ વચગાળાના જામીન મેળવવાની અરજી નામંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

(૫) અરજદારની અરજીની વિગતો બન્ને પક્ષના વિ.વકીલશ્રીની દલીલો તથા તપાસ કરનાર અમલદાર નો આંક–૫ નો રિપોર્ટ વંચાણે લીધો. અરજદાર/આરોપી તરફે તેમની મોટી દીકરી સાધનાબાને પેટના આંતરડા ઢીલા પડી ગયેલ છે અને સ્નાયુ ઢીલા પડી ગયેલ છે અને તેના લીધે સારણગાંઠ થયેલ હોય ઓપરેશન કરવુ પડે તેમ છે. જેથી તે માટે જરુરી આર્થિક વ્યવસ્થા કરવા માટે તેમજ દવાખાનામા હાજરી આપવી પણ ખુબ જ જરુરી છે. વધુમાં અરજદાર હાલ જેલમા હોય અન્ય સંતાનના અભ્યાસ માટે પણ આર્થિક વ્યવસ્થા કરવાની જરુર હોય, જેથી વચગાળાના જામીન મુકત કરવા જણાવેલ છે. વધુમાં આ કામના ત.ક.અમલદારે અરજદારના દિકરીની સારવાર કરનાર ડો.રુદ્રસિંહ જનકસિંહ ઝાલાનુ નિવેદન લેતા અરજદારના દિકરીને સારણગાંઠની તકલીફ હોવાનુ અને ઓપરેશન કરાવવાની સલાહ આપેલ હોવાનુ જણાવેલ છે અને ઓપરેશનમા ત્રીસથી પાંત્રીસ હજારનો ખર્ચ થઇ શકે અને બે દિવસનુ રોકાણ થઇ શકે તે રીતેની હકીકત જણાવેલ છે.વધુમાં ત.ક.અમલદારનો રિપોર્ટ વંચાણે લેતા આ કામના અરજદાર /આરોપીના મોટાભાઇના દીકરા અનિરુધ્ધસિંહ ગોહીલ સાધના બેનની સારવારમા તેમની સાથે હોસ્પિટલમા જાય છે.વધુમાં અરજદારના બે સાળાઓ છે અને તેઓ પણ ઓપરેશન સમયે હાજર રહી શકે તેમ છે અને જરુરી આર્થિક સગવડ પણ કરી શકે તેમ છે.વધુમાં અરજદારની વસ્તડી ગામે ૩૦ વીઘા જેટલી જમીન આવેલ છે અને ડમ્પર ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે

સંકળાયેલ છે તેથી અરજદારના ઘરમા આર્થિક તંગી હોય તેવુ જણાતુ નથી તે મુજબનો તપાસ કરનાર અમલદારે સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. વધુમાં સરકારશ્રી દ્વારા પણ અનેક પ્રકારની કાર્ડની યોજનાઓ ચાલે છે અને તે અંતર્ગત પણ નિશુલ્ક ઓપરેશન/સારવાર થઇ શકે તેમ છે. આમ અરજદાર જે તેઓની પુત્રીના ઓપરેશન માટે વચગાળાના જામીનની માંગણી કરેલ છે તે અંગે તેમા અરજદારની હાજરીની કોઇ આવશ્યકતા જણાતી નથી. તે તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારે જે કારણોસર વચગાળાના જામીનની માંગણી કરેલ છે તેમા હાલના અરજદારની હાજરીની કોઈ જરુરીયાત હોય તેવુ જણાઇ આવતુ નથી.આમ ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીએ જે કારણોસર વચગાળાના જામીનની માંગણી કરેલ છે તે કારણો અરજદારને વચગાળાના જામીન ઉપર મુકત કરવા માટે યોગ્ય જણાઇ આવતા ન હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**::: હુ ક મ :::**

અરજદાર/આરોપી નટવરસિંહ ઉર્ફે નટુભા વજુભા ગોહિલની ભારતીય નાગરિક સુરક્ષા સહિંતાની કલમ ૪૮૩ અન્વયે વચગાળાના જામીન ઉપર મુકત થવાની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૭ મી માહે માર્ચ, સને.૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**સુરેન્દ્રનગર**
**તા.૦૭/૦૩/૨૦૨૬**

**(કૈલાશનાથ રાધેશ્યામ ઉપાધ્યાય)**
**સેશન્સ જજ,સુરેન્દ્રનગર**
**(Unique ID Code : GJ 00333)**

*S.N.M.*